ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

# માતૃભાષા

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 47 - October 2008 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૪૭ - ઓક્ટોબર ૨૦૦૮ માનદ તંત્રી - પ્રવીણ વાધાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ

## તનાવ - સ્ટ્રેસ



અહીં 'ગ્લેન શોપીંગ સેન્ટેર'માં કોફીલાઉન્જમાં કોફી પીતી વખતે બાજુના ટેબલ પર બે સ્ત્રીઓને મેં વાત કરતાં સાંભળી. આમ તો શોપિંગ સેન્ટરમાં, ફૂડકોર્ટમાં કે કોફિલાઉન્જમાં ઘણા લોકો વાતચીત કરતા હોય છે અને કલબલાટ જેવું લાગે અને સૌ પોતપોતાનામાં ગુલતાન હોય એટલે કોણ શું બોલે છે તેના તરફ ધ્યાન આપવા જેવું ન હોય. ઉપરાંત કોફીલાઉન્જમાં દરરોજના તાજા ન્યૂઝપેપર રાખવામાં આવે તો કૌફી પીતાંપીતાં તે વાંચવામાં પણ આજુબાજુની દુનિયા ભૂલી જવાય. ઓસ્ટ્રેલિયન લોકોની ખાસિયત એ કે તેઓ બને ત્યાં સુધી ધીમા અવાજે બોલે. બાજુમા કોઈ વાત કરતું હોય તેમ લાગે પણ એમના શબ્દો સ્પષ્ટતાથી આપણા કાન સુધી ન પહોંચે. કોઈવાર બાજુમાં કોઈ મોટેથી બોલતું હોય તો પણ ન ગમે.

પણ આ બેમાંથી એક સ્ત્રી જરા મોટેથી બોલતી હતી. કંઈક ફરિયાદ, કંઈક મૂંઝવણ, કંઈક હતાશાની મિસ્ર લાગણી એના અવાજમાં હતી એટલે એની વાત પર સહેજે ધ્યાન અપાઈ ગયું.

એની વાતનો સારાંશ કાંઈક આવો હતો, "બે બાળકોને સંભાળતાં મારો તો નાકે દમ આવી જાય છે. મારો આખો દિવસ એટલો બધો ટેન્શનમાં જાય છે. મારા પહેલા બાળક વખતે અમને ઘણો આનંદ હતો. પણ એની સારી રીતે સંભાળ લઈ શકાય એ માટે મેં નોકરી છોડી દીધી. આવક ઘટી અને ખર્ચમાં તો વધારો જ થતો જતો હતો. બીજા બાળક પછી તો જીવનમાંથી જાણે આનંદ જ ઉડી ગયો. એક દીકરો ને એક દીકરી એટલે બંનેના ઈન્ટરેસ્ટ જુદાજુદા. દીકરાને ફૂટી રમવા જવું હોય તો દીકરીને સ્વીમીંગમાં જવું હોય. બંનેના રમકડાં પણ જુદા. એકનું બીજાને કામ ન લાગે. નિશાળો પણ જુદી - એક ઉત્તરમાં ને બીજી દક્ષિણમાં. ઘરકામમાંથી નવરાશ જ નથી મળતી. બે બાળકોની પાછળની દોડધામમાં દિવસને અંતે થાકીને લોથપોથ થઈ જાઉં છું. પહેલાં તો મારા હસબન્ડ કામ પરથી આવીને ઘરકામમાં મદદ કરતા. પણ હવે આવક વધારવા એ ઓવરટાઈમ કરે છે એટલે મોડા આવે છે. એ એટલા બધા થાકેલા હોય છે કે એમને કાંઈ કામ કરવાનું કહેતાં હું અચકાઉં છું. ટેન્શન તો રોજેરોજ વધતું જ જાય છે. મને જાણે ક્યાંયથી રાહત મળે એવું લાગતું જ નથી. એકલી ને એકલી અટવાયા કરું છું. આમ ને આમ ચાલશે તો હું ભાંગી પડીશ."

તેની બહેનપણી શું કહેતી હતી તે સ્પષ્ટ સમજાતું નહોતું પણ પેલી સ્ત્રીના જવાબો પરથી એવું લાગે કે તે ક્યાંથી કેવી મદદ મળી શકે અથવા કાર્ય કરવાની પદ્ધતિમાં કેવા ફેરફાર કરવાથી રાહત રહે તેના સૂઝાવ સૂચવી રહી હતી. પણ દરેક સૂઝાવના જવાબમાં, તે સૂઝાવને સમજવાનો વિચાર કર્યા વગર જ એ સ્ત્રીનો જવાબ રહેતો કે પોતે એ કરી ચૂકી છે અથવા એમ કરવું અશક્ય છે કે પછી એથી એને કોઈ ફાયદો થાય તેમ નથી કે એથી ખર્ચમાં વધારો થાય તો તેને પોષાય તેમ નથી.

આ વાત સાંભળતો હતો ત્યારે મને અમારી પડોશમાં રહેતા કુટુંબની યાદ આવી ગઈ. અમે રહેવા આવ્યા તેના બીજા વર્ષે માર્ક અને એલિસ પરણીને અમારી બાજુના ઘરમાં રહેવા આવ્યા. આજે એમને બે દીકરા અને એક દીકરી છે. માર્ક નોકરી કરે છે, એલિસ નોકરી નથી કરતી. સવારે માર્ક નોકરી પર ચાલ્યો જાય પછી બાળકોને સ્કૂલે મૂકવા-લેવા જવા, શોપિંગ કરવું, એ બધી દોડધામ ઉપરાંત ઘરકામ પણ એલિસે જ સંભાળવાનું. થાક તો એને પણ લાગતો જ હશે. તો પણ બંને જાણે હંમેશા આનંદમાં હોય તેવું લાગે, મળતાવડા સ્વભાવના પણ ખરા. તેમના ઘરમાંથી કોઈ દિવસ મોટેથી અવાજ આવતા નથી. બેકયાર્ડમાં રમતી વખતે બાળકો તો લડેઝઘડે પણ ખરા, ખેંચાખેંચી પણ થાય અને માબાપે વચ્ચે પડી સમાધાન કરાવવું પડે, કોઈને વઢવું પણ પડે. પણ તેમને ઘાટો પાડીને કે ઊંચા અવાજે કોઈ બાળકને ધમકાવતા અમે કોઈ દિવસ સાંભળ્યા નથી. દરેક વીકએન્ડમા માર્કના માબાપ તેમને મળવા આવે છે. તેમનું બેકયાર્ડ ત્યારે બાળકોના અને વડીલોના અવાજો અને રમતગમતથી કિલ્લોલતું હોય છે. વેકેશનમાં બાળકોને દૂર ફરવા પણ લઈ જાય છે. તનાવ વગરનું તેમનું જીવન લાગે !

આપણી સહકુટુંબ વ્યવસ્થાની મજા એ હોય છે કે જો સૌ સંપીને રહે અને ભાગે પડતું કામ વ્હેંચીને કરે તો કોઈને ભાર ન લાગે ને જીવનમાં આનંદ રહે. ખાસ કરી નાના બાળકોના ઉછેરમાં વડીલોનો ઘણો મોટો ફાળો હોય છે. ઘણીવાર આપણે સાંભળતા હોઈશું, 'મારા બાળકો કેવી રીતે ઉછરીને મોટા થઈ ગયા તેની મને ખબર જ ન પડી. બાળકો દાદા-દાદી સાથે એટલા બધા હળી ગયા છે ! મારે જાણે એમનું કોઈ કામ કરવું પડતું જ નથી.' દાદા-દાદી સાથે ન રહેતા હોય તો પણ ઘણીવાર બાળકો વીકએન્ડ દરમિયાન તેમની પાસે રહેવા ચાલ્યા જતા હોય છે. દાદા-દાદી તેમને રમાડે, વાર્તાઓ કહે, તેમને મનગમતી વાનગીઓ ખવરાવે-પીવરાવે, તેમનામાં સંસ્કારનું સીચન કરે. મારો જ દાખલો આપું તો મારૂં રામાયણ, ભાગવત અને ગીતા વિષેનું જે જ્ઞાન છે તે મને દાદીમાએ વાર્તાઓના સ્વરૂપમાં આપ્યું છે.

માનસશાસ્ત્રીઓના મત પ્રમાણે બાળકના સમતોલ અને સંતૃપ્ત ઉછેર માટે તેમનું દાદાદાદી કે નાનાનાની સાથે મળવુંહળવું ઘણું અગત્યનું છે. પણ આજના ન્યુક્લિયર સમાજમાં જ્યારે માબાપને સાથે રાખવાનો રિવાજ જ વિલોપ થતો જાય છે ત્યારે પોતાના બાળકોના અગત્યના અંગ ગણાતા આ કૌટુંબિક મેળાપનું ઉલ્લંઘન કે અવગણના થાય તે સ્વાભાવિક છે. જીવનમાં આર્થિક કે આધ્યાત્મિક ક્ષેત્રે હાલતાં ને ચાલતાં નિષ્ણાતોની સલાહ લેવા દોડતા આ લોકો બાળકોના ઉછેર માટેની માનસશાસ્ત્રીઓની આ સોનેરી સલાહ તરફ ધ્યાન આપવા તૈયાર નથી, કારણ ઘણીવાર તેમાં તેમને માબાપની સંભાળ લેવાનું બંધન લાગે છે !

ઓસ્ટ્રેલિયામાં પણ દાદા-દાદી કે નાના-નાની તો હોય છે પણ તેઓ સાથે નથી રહેતા. નજીક રહેતા હોય તો બાળકો વીકએન્ડમાં તેમને મળતા રહે અને તેમના હેવાયા થઈ જાય. શાપિંગ સેન્ટરમાં પણ દાદાદાદી સાથે નાના બાળકો ફરતા દેખાય. પણ દૂર રહેતા હોય તો મળવાના સમયમાં મોટો ગાળો પડી જાય અને ક્યારેક તો વર્ષે એકાદ વાર વેકેશનમાં મળાય. જેમ મળવાના સમયનો ગાળો વધારે તેમ તેની અગત્યતા ઘટતી જાય છે.

બાળકોના ઉછેર માટે માબાપ અનેક પ્રકારની દોડધામ કરી થાકી જાય છે, જરૂર કરતાં વધારે ને ક્યારેક ગજા ઉપરવટના ખર્ચ પણ કરે છે. પણ માબાપને સાથે રાખવા તૈયાર નથી હોતા. પણ એ લોકો ભૂલી જાય છે અથવા ક્યારેય તો એ વાતની તેમને ખબર જ નથી હોતી કે માબાપ તેમના બાળકોને જેટલો પ્રેમ કરતા હોય છે તેનાં કરતાં અનેકગણો પ્રેમ દાદાદાદીને પૌત્રપૌત્રીઓ માટે હોય છે અને તેમને માટે અનેકગણો ભોગ આપવા પણ તૈયાર હોય છે. જીવનમાં આ તનાવ માણસનો સૌથી મોટો દુશમન છે એ વાતમાં માનસશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ બંને એકમત છે. આમ જુઓ તો તનાવ માણસની આર્થિક, સમાજી કે માનસિક પરિસ્થિતિ સામેના ઘર્ષણનું સર્જન જ છે. જીવનમાં ડગલે ને પગલે એવા અનેક સંજોગો સર્જાય છે જેનો સામનો કરવામાં માણસને ઘણી શક્તિ ખર્ચવી પડે છે.

આ તનાવ માણસના જીવનમાં ક્યાંથી આવે છે ? સંજોગો સર્જે છે કે તેના મનમાંથી ઉદ્ભવે છે ? જો સંજોગો સર્જતા હોય તો એક જ સરખા લાગતા સંજોગોમાં બે વ્યક્તિમાં એવો તફાવત શા માટે કે એકમાં ભારોભાર તનાવ હોય જ્યારે બીજામાં તે અલ્પ માત્રામાં પણ ન હોય ! માણસ સંજગોનો કઈ રીતે સામનો કરે છે તેના પર તનાવનો આધાર છે. સ્વસ્થ ચિત્તે પરિસ્થિતિનું પૃથકકરણ કરી, જે બદલી શકાય તેને બદલવાની કોશિશ કરવી અને જે ન બદલી શકાય તેનો સ્વીકાર કરી અપનાવી લેવાથી જીવન આનંદથી જીવી શકાય છે.

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
ઈન્ટવનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ. છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com.

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ માણસ ⌘

**પ્રો. સુમન અજમેરી અમેરિકા**

અમે
આંધી વચ્ચે માણસ વાળ્યો ત્યાં પણ એ ઊગી ગયો
પાવકની જ્વાળામાં ઝબોળ્યો, માણસ એમાં પાકી ગયો
પહાડશીખાથી દઈ હડસેલો નીચે ફેંક્યો જોર દઈને
પવનપાંખે બેસી એ ખીણમાં ફૂલ થઈ ખીલી ગયો.
લોઢ લોઢ ઊછળે મોજાં, ભીસે, કચડે, છુંદે, ડુબાડે
આ કિનારે દઈ ડૂબકી એ સામે કિનારે સરી ગયો.
ઝરણમાં નાખ્યો જળચર થયો, તરણાંમાં ફેંક્યો ભૂચર થયો
ને ઉછાળ્યો નભના પ્રાંગણમાં બેચર થઈ નર ગયો.
મેં માણસને ધનુમાં તાક્યો, લક્ષ્ય સઘળા વીંધી ગયો
હિમશિખા શો ચળકી ચળકી નવતમ જલધર બની ગયો.
સૂરજની જ્વાળા શો સળગી જગને આભા ધરી ગયો
હાર્યા જુગાર શા ભવના દામાં પત્તાં જયકર રાચી ગયો.
ઊકળી ઉરની અશ્રુધારમાં ગીત થઈને ધ્રુજી ગયો
ચાહે કેવા વિપરીત બળ હો, હરદમ નીખરી ઊજળી ગયો.
હર કાંડમાં હર રંગમાં જૌહર નિજનું દીપી ગયો
લીધી સુંવાળપ કોકે પરખી પ્રાણપ્રાણથી પીગળી ગયો.
ઈશ્વરની કરતૂતી સામે પ્રશ્ન બનીને ખૂંપી ગયો
થૈ સવાયો નિજ કર્મથી બ્રહ્માને પણ પૂગી ગયો.
કાળગતિ શી રેત ધરામાં ડગમગ પગલી ચણી ગયો
અજરઅમર શું જીવ્યું જીવી નિજ કર્મોનું અમૃત પીઈ ગયો

## ⌘ હૈયું ⌘

**ચંદ્રકાન્ત દેસાઈ, અમેરિકા**

('અમારી અમેરી ગલી'માંથી સાભાર)
નજાકત છે ગજબ, કંકણ સમું નંદવાય છે હૈયું,
જરૂરત હોય તો વજ્જર અડિખમ થાય છે હૈયું.
સીતાને વાગતાં કાંટો રડ જે, તે ત્યજી સીતા
શ્રીરાઘવનું હિમાલય સમ અડગ વર્તાય છે હૈયું.
પિતાને જોઈ દુઃખી મીણની જ્યમ જે પીગળતું તે,
પ્રતિજ્ઞા ભિષ્મ લઈ પત્થર સમું થઈ જાય છે હૈયું.
અછૂતો ને દરિદ્રોના દુઃખે દ્રવતું તે, ગાંધીનું
ગુલામી તોડવા લોખંડી થઈ ટકરાય છે હૈયું.
ઘણા ઝૂકી ગયા હૈયાની ઊંચી શાન શૌકતથી,
ઘણા હારી ગયા જ્યારે હઠીલું થાય છે હૈયું.
કદીક ઝરણા સમું નાચે ને વહી જાય રૂમઝુમતું
કદીક દરિયાનું ગર્જનગાન ઉછળી ગાય છે હૈયું.
ખજાનો પ્રેમનો આ વ્હેંચતાં દુનિયાને ના ખૂટે,
નિરાળી ચીજ આ, ના ત્રાજવે તોળાય છે હૈયું.
'અમેરી' હાર્ટને
બાયપાસ એન્જીયોપ્લાસ્ટીની આદત,
કરો પાતાળ નભ ભેગાં, છતાં રીસાય છે હૈયું.

## ⌘ ન આવડ્યું ⌘

**વિનય કવિ, યુકે**

જાના વ્યવહારથી સમાધાન કરતાં ન આવડ્યુ
સરાસર જૂઠને પણ સાચમાં ફેરવતાં ન આવડ્યું
હસે છે સંસાર હસનાર સાથે, રહે છે દૂર રડતાથી
રડતું હોય હૈયું ને ખોટું ખોટું હસતાં ન આવડ્યું.
અહી જોઈ સંજોગ બદલે છે બધા પોતાના વિચારો,
ફરે જે દિશામાં હવા એ દિશામાં ફરતાં ન આવડ્યું.
દગો દઈ દે છે જાની દોસ્તદારો પણ વખત આવે,
અમને તો કદિ દુશ્મનોને પણ છળતાં ન આવડ્યું.
ન થઈ શક્યા ચમચા એના ચાલતું હોય ચલણ જેનું,
ઊગતા સૂરજને સદા સલામો ભરતાં ન આવડ્યું.
'સત્તા સામે શાણપણ નકામું' કહેતી રહી દુનિયા,
સિતમગારો આગળ છતાં નમતાં ન આવડ્યું.
એથી જ તો આખર ડૂબી ગયા અમે સંસારસિંધુમાં,
દંભ અને ફરેબના તરાપા પર તરતાં ન આવડ્યું.
રમતો રમાય છે બધે સંબંધોની, દોસ્તીની, પ્યારની,
'બદનામ' કાં તને કોઈ રમત રમતાં ન આવડ્યું.
**('દિલ એક દર્દ હજાર'માંથી)**

## ⌘ આદિલનને સલામ ⌘

**પ્રવીણ પટેલ 'શશી'**

આ દિલને ગમે છે આદિલ
નથી એવો બીજો કોઈ આદિલ
વાટે કરે વાતો આ આદિલ
ને મઢે ફ્રેમે મસ્ત આ આદિલ
શબ્દ સાથે રમવું ગમે આદિલ
ને ડોલાવે શબ્દે અર્વને આદિલ
જૂનું ખરું નિતનું નવું જ આદિલ
સમયનું સંધાણ કરે છે આદિલ
મરોડે છે કાન ગઝલના આદિલ
આવે જાન હાજર હોય આદિલ
થઈ રાત લાંબી પાસ આદિલ
ખીલે ચાર ચાંદ મહેફિલે આદિલ
લાગે સદાબહાર સર્વદા આદિલ
લકીરનો ફકીર છે આ આદિલ
કરું સલામ સર્વ વતી આદિલ
લેજે ખુદા ખબર સર્વદા આદિલ

## ⌘ ફિકર શાને ? ⌘

**શૂન્ય પાલનપુરી**

થઈ શકે તો છોડ આ
મિથ્યા જગતની સૌ ફિકર
માણ જીવન ભૂત-ભાવિની
કશી ચિંતા વગર.
દિન ગયો વીતી હવે
એની નકામી યાદ કાં ?
જે નથી આવી હજી એ
કાલની ફરિયાદ કાં ?
આમ ના એળે જવા દે
ખાસ ઘડીઓ આજની
સાર છોડીને અસારે
થાય છે બરબાદ કાં ?
મૂર્ખ ! અન્નજલની ફિકર શી ?
એ ફિકરથી મુક્ત થા
કષ્ટદાયી હોય એવા
જીવતરથી મુક્ત થા.
મોત એક જ વાર છે,
જીવનમાં એક જ વાર મર
નિતનવી લાચારીઓ
વ્હોરે છે શાને બેખબર ?
માત્ર અડધા રોટલા પર
જે ગુજારે દિન તમામ
જેને બે ગજથી વધારે
હોય ના ધરતીનું કામ !
આ જગતમાં કોઈનો જે
દાસ કર સ્વામી ન હો,
એ માનવનરના જીવન-
આદર્શને સો સો સલામ.
('શૂન્યના વૈભવ'માંથી)

## ⌘ છે ⌘

**રમેશ પારેખ**

આ છળનો જે સર્જક કલાકાર છે
એ બંધુને મારા નમસ્કાર છે
આપણા બેઉ વચ્ચે આ જખ મારતી
માનનીય ભીતને શો અધિકાર છે ?
નથી કાંઈ બીજું આ સકળ વિશ્વ તો
માત્ર મારાં બગાસાંનો વિસ્તાર છે.
છીંક બ્રહ્મરંધ્રમાં ક્યાંક ભૂલી પડી
નાક લાચાર છે, છીંક લાચાર છે.
ભૂત ચાવી ગયો પાન અશ્વત્થના
માત્ર ઠૂંઠામાં ઠૂંઠું તદાકાર છે.
જે મળ્યા એણે તોડી લીધો છે મને
તો, નથી જે મળ્યા એનો આભાર છે.
કાનામાતર વગર જન્મ દીધો મને
જે કોઈ હોય એ, કેવો દાતાર છે
ઢોલ પીટો છતાં લોક જાગે નહી
ગામમાં ઊંઘપાંચમનો તહેવાર છે
ચલો યાર, સિનેમા જોઈ આવીએ
મરણ આવવાને હજી વાર છે
ટ્રેન ચૂકી ગયા જેવો ચહેરો રહ્યો
ને અરીસાના સ્ટેશનમાં સૂનકાર છે
આ ગઝલ નહી રહે એના લયમાં,
રમેશ, છે આજે તો છુટ્ટી, રવિવાર છે.
**('છ અક્ષરનું નામ'માંથી)**

## હિન્દુસ્તાનને કઈ રીતે પાયમાલ કરવામાં આવ્યું ?

**સ. વીરચંદ ધરમશી (૧૯૯૩)**

ભારતનના લોકો પોતાના દેશમાં તૈયાર થતો સસ્તો અને સારો માલ વાપરતા બંધ થાય અને તેને બદલે ઈન્ગલેન્ડમાંથી આવેલો મોંઘો ને ઉતરતી કોટીનો માલ વાપરે એવી સ્થિતિ ઉત્પન્ન કરવા જેવું અદ્‌ભુત કાર્ય અંગ્રેજોએ કર્યું હતું. અંગ્રેજી માલ જકાત વિના ભારતમાં ભરી કહ્ડાવાનો હતો પરંતુ ભ ારતી માલને જકાત વિના ઈંગલેન્ડમાં દાખલ થવા દેવાનો ન હતો.

૧૬૮૮ની રાજ્યક્રાન્તિ પછી રાણી મેરી જ્યારે પોતાના પતિ સાથે ઈંગલેન્ડમાં દાખલ થઈ ત્યારે સાથે ભારતના રંગીન કપડાંનો મોહ લેતી આવી. સત્તરમા સૈકાના અંતમાં તો ભારતમાં તૈયાર થયેલો માલ દરેક વર્ગના લોકોમાં એટલો બધો ઘુસી ગયો કે ત્યાંના ઊન અને રેશમનાં કારખાનાંનું અસ્તિત્વ જોખમમાં આવી પડ્યું. પરિણામે ત્યાંની પાર્લામેન્ટે ખાસ કાયદાઓ પસાર કરીને તે 'સસ્તો અને સુંદર' માલનો વપરાશ કાયમ માટે બંધ કર્યો. ઈંગલેન્ડમાં ભારતીય 'કેલીકો' પહેરવું એ ફોજદારી ગુન્હો ગણાતો.

પરંતુ આ તો ભારતની રાજસત્તા હાથમાં આવ્યા પહેલાંની વાત. સત્તા હાથમાં આવ્યા પછી ભારતીય માલના બહિષ્કારને તળે બીજું પગલું ભર્યું અને તે અપ્રતિબદ્ધ વેપાર એટલે કે 'ફ્રી ટ્રેડ'. આ અપ્રતિબદ્ધ વેપાર જો ભારત માટે પણ સ્વીકાર્યો હોત તો જગતના નકશા પર જુદી આકૃતિઓ જણાત.

તે દિવસથી ભારતના હુન્નરનો ને ધંધાઓનો મૃત્યુઘંટ વાગી ગયો. અંગ્રેજ એજન્ટો ગામેગામ ફરી પ્રજાને જોઈતી ચીજો અને તેમની તૈયારી કરવાની રીત જાણી લઈ ઈંગલેન્ડથી તે વસ્તુઓ તૈયાર કરાવી અહીં વગર પ્રતિબંદ્ધે આણવા લાગ્યા અને સ્થાનિક ધંધાને રાજસત્તાને બળે કચરી નાખી પ્રજામાં ઘુસાડવા લાગ્યા.

ભારતમાંથી કાચો માલ સસ્તા ભાવે લૂંટી લઈ તેમાંથી ઈંગલેન્ડમાં તૈયાર કરેલો પાકો માલ ભારતમાં જંગી નફો કરીને વેચવા લાગ્યા. ઈંગલેન્ડનો માલ ભારતમાં લાવવા પર અંગ્રેજ વેપારીઓ પાસેથી બિલકુલ જકાત લેવામાં આવતી ન હતી જ્યારે ભારતમાં તૈયાર થયેલો કોઈપણ માલ ઈંગલેન્ડમાં આયાત કરવા માટે તેના પર ૧00 ટકાથી 3000 ટકા સુધી જકાત લેવામાં આવતી હતી. આમ ભારતના પરદેશના વેપારમાંથી ધરખમ નફો કરી ઈંગલેન્ડની આબાદી વધારી. તે સામે તેમણે ભારતમાં રસ્તા, નહેરો, સ્કૂલ, હોસ્પિટલ, વગેરે માટે એક પઈ પણ ખરચી નહીં. તે બધાની જવાબદારી તેમણે સ્થાનિક રજવાડાઓ ઉપર જ નાખી.

ફક્ત બંગાળ એકલામાં આનાથી શી મોકાણ વળી ગઈ તે જોઈએ. એક જ વર્ષમાં સુતરાઉ માલની માલની નિકાશ અર્ધી થઈ ગઈ અને તે સામે આયાતમાં દશ ગણો વધારો થયો. 'કન્સીડરેસન્શ ઓન ઈન્ડિયન અફેર્સ' માં બોલ્ટસ ૧૭૭૨માં જણાવે છે, 'ઇંગ્લીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની દાનત દેશનો આખો અંદરનો વેપાર કબજે કરી લેવાની છે. આ ઈચ્છા પૂરી પાડવા તે દેશના ગરીબ ને અભણ કારીગરો ને મજૂરો, કે જે ખરી રીતે જોતાં કંપનીએ ઈજારે રાખેલા ગુલામો જેવા જ છે, તેમના પર કલ્પનામાં ન આવે તેવો જુલમ અને ત્રાસ વર્તાવવામાં આવે છે. દંડ, કેદ, ચાબુકનો માર, જોરજુલમથી સહી કરાવી લેવી ઈત્યાદિ હજારો માર્ગે આ ગરીબ વણકરોને કંપનીના એજન્ટો ને ગુમાસ્તાઓ કચરી રહ્યા છે. આ કારણથી દેશનો વણકર વર્ગ ઝપાટાબંધ ઘટતો જાય છે. વણકરો ઉપર આ એકલો જુલમ હોતો નથી. ઘણીવાર તેઓ ખેતીનું કામ પણ સાથેસાથે કરતા હોય છે અને તેથી એક બાજુ મહેસુલવાળા સિપાઈઓ આવી તેમના પર ત્રાસ ગુજારતા હોય છે ત્યારે બીજી બાજુ કહેલો માલ વખતસર પૂરો ન પાડવા બદલ બીજા સિપાઈઓ તેને ઠોકતા હોય છે."

"આમ કરવાથી વણકર પોતાના માલની યોગ્ય કિંમત ઉપજાવવા માટે ડચ, ફ્રેન્ચ કે આરબ વેપારીઓ જેઓ તેનો માલ વધારે કિંમત આપી ખરીદવા તૈયાર હોય છે, તેમને પોતાનો માલ વેચવા પ્રયત્ન કરે છે. આ કારણને લીધે કંપનીના ગુમાસ્તાઓ તેને તેના ઘરની અંદર કેદ પૂરી રાખે છે અને ઘણીવાર તાકો વણવાનો અધૂરો હોય તો પણ ત્યાંથી જ કાપીને લઈ જાય છે. જો કોઈ વણકર પોતાનો માલ બીજા વેપારીને વેચી આવ્યો છે તેવા ખબર પડે તો તેની કમબખ્તીનો પાર રહેતો નથી. તેને કેદ કરવામાં આવે છે, તેને લોઢાના પટ્ટામાં જડવામાં આવે છે, તેનો દંડ કરી તેની મિલ્કત જપ્ત કરવામાં આવે છે અને સૌથી ભયંકર અમાનુષી તો એ છે કે તેને તેની મરજી વિરુદ્ધ વટલાવવામાં આવે છે. આ પ્રમાણે દરેક ઉદ્યોગને અને દરેક કારીગરને અનેક રીતે ત્રાસ અને જુલમથી કચરી નાખવામાં આવે છે."

"છેલ્લાં સાત વર્ષ થયાં વેપારની અંદર જે અન્યાય, જુલમો અને ઈજારાઓ દાખલ કરવામાં આવ્યા છે તેથી બંગાળની મહેસૂલ ઘણી ઘટી ગઈ છે. વણેલો માલ ઉઘરાવનારા ગુમાસ્તાઓના ત્રાસથી તેમને પોતાની ખેતી સામે જોવાનો વખત પણ મળતો નથી તેમજ તેને જોઈતા ખાતર વગેરેના પૈસા પણ મળતા નથી. તેમની જમીન ખેડ્યા વિનાની પડતર પડી રહે છે. પરંતુ તેની મહેસૂલ ઉઘરાવનારાઓ વખત થતાં મહેસૂલ વસૂલ કરવા તેમના પર જુલમ ગુજારવો શરૂ કરે છે. પેલા વણકરની સ્થિતિ જૂએ કોણ અને તેની વાત સાંભળે કોણ ? હજારો દાખલા એવા બન્યા છે કે જેમાં ગરીબ વણકરોએ ઉઘરાવનારાઓના ત્રાસથી બચવા પોતાના બાળકો વેચીને પણ મહેસૂલના પૈસા ભર્યા છે. ઘણા પોતાની બાપદાદાની જમીન છોડી બીજા પ્રાંતોમાં નાસી ગયા છે."

"કંપનીના માણસો વણકર પાસે અમુક માલ અમુક મુદતમાં તૈયાર કરી આપવા માટેના લખાણ ઉપર જોર જુલમથી સહી કરાવી લેતા, પછી ભ લેને તે કામ તેટલા સમયમાં થવું કોઈ પણ જીવતા પ્રાણીને માટે અશક્ય હોય, અથવા તે વણકર ગમે તેટલી ના પાડે, પણ તેને તે કબૂલાતખત પર સહી કરી જ આપવી પડતી. દિવસ પૂરાં થતાં તે વણકર તે માલ કરી આપી શકતો નહિ એટલે તેની મિલકત હરરાજીથી વેચી દેવામાં આવતી. રેશમનાં કોકડાં ભરનારાઓ ઉપર આવોજ જુલમ કરવામાં આવે છે. સેંકડો દાખલાઓ એવા બન્યા છે કે બેહદ મજૂરી અને મહેનતના બદલામાં તદ્દ ન ઓછી મજૂરી મળવાને કારણે ભૂખમરામાં તેમણે પોતાના અંગૂઠા કાપી નાખ્યા છે."

૧૮૧૪માં ઈંગલેન્ડમાં ભારતીય માલ પરથી પ્રતિબંધ ઊઠાવી લેવામાં આવ્યો. પણ આથી ભારતીય મજૂરોને ફાયદો થવાને બદલે નુકસાન વધારે થયું. હવે અંગ્રેજ વેપારીઓના ટોળાં ભારત પર ઊતરી આવ્યા. તેમણે લગભ ગ લૂંટફાટ કહી શકાય તેવી પદ્ધતિ અપનાવી. જુલમ અને ત્રાસથી પોતાની મરજીમાં આવે તે ભાવે કાચો માલ ભારતીય મજૂરો પાસેથી ઝૂંટવી લેવામાં આવતો હતો. બીજી બાજુ પાકો માલ બનાવતા કારીગરો અને ઉદ્યોગોને રાજકીય સત્તાના બળે કચરી નાખવામાં આવતા હતા. એટલે ખેડૂતોને તેમની મહેનતનું પૂરતું વળતર મેળવ્યા વગર કાચો માલ અંગ્રેજોને તે માગે તે ભાવે આપી દેવો પડતો હતો. રૂ, ઊન અને કાચા રેશમની બાબતમાં આ પગલાં ખાસ લેવાયાં હતાં. ખાસ કરીને રેશમના ઉદ્યોગને જે જુલમોથી કચરી નાખવામાં આવ્યો હતો તેનું વર્ણન કરવું અશક્ય છે.

જે ઊન અને રૂનો ભાવ ઈંગલેન્ડમાં પહેલાં એક શેરનો એક શીલીંગ હતો તે ઘટીને પાંચ પેન્સ થઈ ગયો અને રેશમનો ભાવ વીસ શીલીંગમાંથી ઘટીને ત્રણ શીલીંગ થઈ ગયો.

ભારતનો પરદેશનો વેપાર કબજે કરવાથી ધરાયા નહિ એટલે તેમણે સ્થાનિક વેપારમાં પણ ઈજારાની પદ્ધતિ દાખલ કરીને તેમાંથી પણ મલાઈ તારવવા માંડી. વીલીઅમ બોલ્ટસના કહેવા પ્રમાણે, "લોકોના રોજિંદા જીવનને ઉપયોગી માલ તો ભારતમાં જ બનતો હતો. તેવા માલના અંગ્રેજ વેપારીઓને ઈજારા આપવામાં આવ્યા. એટલે કારખાનામાં તૈયાર થયેલો માલ ફક્ત અંગ્રેજોને જ તેઓ નક્કી કરે તે ભાવે વેચવો પડતો અને એ જ માલ લોકોને તેઓ ધરખમ નફો લઈને વેચતા."

આમાં જ્યારે મીઠું, સોપારી ને તમાકુ પણ ઉમેરવામાં આવ્યા ત્યારે તેમણે ખરેખર માનવતાની હદ વટાવી હતી. મીઠાનો ઈજારો કંપનીના ૬૦ માણસોની કમિટિને આપવામાં આવેલો. સરકારી જાહેરનામા પ્રમાણે દરેક જમીનદારે જાહેરનામા ખત પર સહી કરી બાંહેધરી આપવાની હતી કે, "મારી જમીનદારીમાં જેટલું મીઠું પેદા થશે તે બધું જ હું વફાદારીપૂર્વક ને વિના વિલંબે મીઠાની કમિટીને સોંપી દઈશ અને તેમણે નક્કી કરેલો ભાવ મને સ્વીકાર્ય રહેશે. હું પાશેર મીઠું પણ બીજા કોઈને વેચીશ નહિ અને તેમ કરવાનો ગુન્હો મારા પર સાબિત થાય તો મીઠાના દર મણ દીઠ પાંચ રૂપીઆ દંડ ભરીશ"

લોકોમાં વિરોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. આનું પરિણામ એ આવ્યું કે આઝાદીની લડતમાં નવું જોમ આવ્યું. મહાત્મા ગાંધીએ મીઠાના સત્યાગ્રહનું એલાન આપ્યું જેનો દેશભરમાં પડઘો પડ્યો. ગાંધીજીએ સાબરમતીથી દાંડી સુધીની સફર પગપાળા કરી દાંડીના દરિયા કિનારે મીઠું પકાવ્યું. મીઠાના સત્યાગ્રહીઓ ઠેરઠેર પરવાના વગર મીઠું વેચવા લાગ્યા.

'અતિ લોભ તે વિનાશનું મૂળ'. એમ માનો કે દુનિયાભરમાં છવાયેલા બ્રિટિશ સામ્રાજ્ય પર સતત પકાશિત રહેતા સૂરજના અસ્ત થવાની શરૂઆત અહીંથી જ થઈ.

## વર્ણવ્યવસ્થા - કાલની અને આજની

સ્વામી સચ્ચિદાનંદ લખે છે, "વર્ષો પહેલાં હું એક ગામમાં કથા-પ્રવચન કરું. આખું ગામ સાંભળવા આવે. મને જમાડવા માટે પડાપડી થાય પણ મારો નિયમ એવો કે જે પહેલાં નામ લખી જાય તેને ત્યાંજ જમવું, ગરીબ હોય કે શ્રીમંત, ભેદભાવ કરવો નહિ, જમાડવા માટેના લિસ્ટમાં એક વૃદ્ધ લુહાર બ્હેને પહેલું પોતાનું નામ લખ્યું. પછી કોઈ ઊંચી જ્ઞાતિવાળા સજ્જનની નજર તેના ઉપર પડી ગઈ. તેમણે તે નામ ચેકી નાખ્યું. મેં તેનું કારણ પૂછ્યું તો કહે, "અરે મહારાજ, એ તો લુહાર છે. એને ત્યાં જમવા ન જવાય. જો જશો તો આખા ગામમાં તમારી ટીકા થશે અને તમારું માન ઘટી જશે." પેલા ભાઈએ મને લાગણીભરી સલાહ આપી. મેં માનની પરવા ન કરી અને માજીને ત્યાં જમવા ગયો. તેમનું ઘર ચોખ્ખું તથા પોતે સરસ આચારવિચારવાળાં હતાં. ગામમાં થોડો ક્ચવાટ થયો પણ અંતે બધું શાંત થઈ ગયું.

"ભગવાન બુદ્ધ ચૂંગ નામના લુહારને ત્યાં જમ્યા હતા. ચૂંગે ખૂબ ભાવથી ભોજન બનાવ્યું હતું. પણ કાચું રહી જવાથી બુદ્ધને ઉદરશૂળ ઉપડ્યું ને મૃત્યુ થયું. મૃત્યુ પહેલાં તેમણે આનંદને કહ્યું, 'આનંદ, મને સુજાતાની ખીર ખાવામાં જે આનંદ થયો હતો તેટલોજ આનંદ ચૂંગના ભોજનમાં પણ થયો હતો. તેની શ્રદ્ધા પ્રબળ હતી, પરંતુ કોઈ કારણસર ભોજન કાચું રહી ગયું હતું. આનંદ, તું કાચી રસોઈની વાત કોઈને કરીશ નહિ, ચૂંગની ભાવનાની વાત કરજે.' આટલી મહામાનવતા બતાવનારા વર્ણધર્મના જગદ્‌ગુરૂઓ પણ થયા હોત તો ? પણ એ શક્ય નથી. માનવ-માનવ વચ્ચે દિવાલો કરવાનું નામ જ જ્યાં ધર્મ હોય ત્યાં સમાનતાની અપેક્ષા રાખવી વ્યર્થ છે. શ્રીરામ શબરીના એઠાં બોર ખાય, શ્રીકૃષ્ણ વિદુરની ભાજી ખાય, બુદ્ધ ભગવાન ચૂંગ અને આમ્રપાલીને ત્યાં ભોજન કરે, શ્રીજી મહારાજ સંગ્રામ વાઘરી તથા કોળીનો રોટલો ખાય, એમની બુદ્ધિ ન બગડે, પણ વર્ણવાદી જગદ્‌ગુરૂઓ તો પોતાના જ વર્ણના બ્રાહ્મણોથી પણ અભડાઈ જાય. પ્રજાનું ઘડતર કરનારા જ આવા હોય ત્યાં પ્રજાનો શો વાંક ?

ઉપર લખ્યા તેવા અનેક દાખલાઓ આપણી ચારે તરફ ઘટતા જોઈ શકાય છે. આ બધાનું મૂળ આપણી વર્ણવ્યવસ્થા છે જેણે લોકોના મનમાં ઊંચ નીચની ભાવના દૃઢ કરી દીધી છે.

કારીગર જેવી ઉત્તમ પ્રજા પણ જ્યાં શુદ્ર ગણાય અને ઉપરની પ્રજા સાથે સમકક્ષ બનીને જીવી ન શકે તે જ બતાવે છે કે સમાજરચના કેટલી અન્યાયી છે. યુ.પી. તરફ તો કોઈ બ્રાહ્મણ કે ઠાકુર ખાટલા પર બેઠા હોય તો આ કારીગર પ્રજા તેમની સાથે બેસી ન શકે., લગ્ન પ્રસંગે વરરાજાને ઘોડા પર બેસાડી ન શકાય, મૂછો નીચી જ રખાય, ગામની ભાગોળેથી ઘોડા પરથી ઉતરી જવાનું, છત્રી ઓઢાય નહિ, આવા આવા કેટલાય અપમાનજનક નિયમો પાળીને જીવનારી પ્રજાને રાષ્ટ્રિય મહત્ત્વાકાંક્ષા ક્યાંથી હોય ?"

ભારતના ભવ્ય મંદિરો, પ્રાસાદો, કિલ્લાઓ વગેરે જોવા જજો. શિલ્પ તથા કારીગીરી જોઈને મુગ્ધ થઈ જશો. ઝૂમ્મરોનાં સૂક્ષ્મ કોતરકામ, જાળીઓ, પૂતળીઓ, વગેરે અદ્‌ભૂત શિલ્પો જોઈને કદરદાનનું મન નાચી ઉઠશે. પણ પૂછી તો જોજો કે વિશ્વકર્માના ક્યા પનોતા પુત્રે આ શિલ્પ કંડાર્યું છે ? તો જવાબ મળશે 'આ તો વસ્તુપાળ તેજપાળે તૈયાર કરાવેલાં શિલ્પો છે.' 'અરે ભાઈ, પૈસા ખર્ચનારનું નામ તો જગમશહુર છે જ, હું તો કલાકાર, શિલ્પીનું નામ પૂછું છું. છીણી હથોડીથી આ કામ કરનાર શિલ્પીનું નામ જાણવું છે.' તો જવાબ મળશે, 'ખબર નથી, હશે કોઈ કારીગર !' દેલવાડાના દહેરાંના શિલ્પીઓ કે બીજાપુરના ગોળ ગુંબજના આર્કિટેક્ટનાં નામ ઈતિહાસમાં નથી.

બિચારો કારીગર. દાનકી લઈને પેટ ભરવા છીણીહથોડી ચલાવનાર, તેનું તે વળી નામ હોતું હશે ? હા, તેનું નામ યુરોપમાં હોય, માઈકલ એન્જેલો, ચલીની, પિકાસો, વગેરે. ભારતમાં નહિ."

જાઓ, પશ્ચિમના દેશોમાં જઈને જુઓ. પૈસા ખર્ચનાર કરતાં પણ ત્યાં કલાકાર, ચિત્રકાર, કારીગર, લેખક, વગેરેનું વધારે મહત્ત્વ છે. આપણી અને તેમની સમાજરચનાનો આ ભેદ છે. આપણે ત્યાં જે વસવાયાં, બાપડાં થઈ જીવે તે પરદેશમાં મહાન થઈને જીવે.

મનુસ્મૃતિમાં શૂદ્ર વિષે જે હિનતાભર્યું લખ્યું છે, તેમના તરફ જે અમાનુષી વર્તાવ કરવાના નિયમો બનાવાયા છે તે વાંચીને જ આપણું મન ધ્રુજી ઉઠે તો તેનો અમલ કરનારા માણસોને, પછી તે ભલે પોતાને ઊચ્ચ કોટીના ગણાવે, વિષે શું કહેવું ? શ્રીરામ, શ્રીકૃષ્ણ અને બુદ્ધ જેવા જે ભૂમિ પર વિચર્યા તે ભૂમિ પર માણસ માણસ પ્રત્યે આવો વર્તાવ કરી શકે તે કલ્પી પણ કેવી રીતે શકાય ? અને છતાં એવું બન્યું છે અને આ આધુનિક જમાનામાં હજુ પણ બની રહ્યું છે તે મહાન દુઃખની વાત છે.

આમાં આશાનું કિરણ ગણો તો શિક્ષણનો પ્રભાવ વધવાથી હવે આ શુદ્ર અને દલિત ગણાતી પ્રજા સારી રીતે શિક્ષિત થઈ રહી છે. હવે ઘણા ઊંચ્ચા હોદ્દાઓ પર સ્થાન મેળવી સફળતાપૂર્વક કારભાર ચલાવી શકે છે અને સારી આવક મેળવી ઊચ્ચવર્ણની બરોબરીનું જીવન જીવી શકે છે. બીજાની સાથે સમોવડી બની આ પ્રજા પણ આર્થિક ક્ષેત્રે પ્રગતિને પંથે આગળ વધી રહી છે. જો કે હજી પણ ધાર્મિક, સમાજિક ક્ષેત્રમાં સમાનતા મેળવવામાં ઘણાં ડગલાં ચાલવાના બાકી છે.

દરેક ધંધો તેના નામથી ઓળખાય તે સ્વાભાવિક છે અને તે કામ કરનાર કારીગરને પણ તેના ધંધાથી ઓળખી શકાય. જેમકે લાકડાનું કામ કરનાર સુથાર કહેવાય, ચામડાનું કામ કરનાર મોચી કહેવાય, લોઢાનું કામ કરનાર લુહાર કહેવાય અને એજ રીતે કુંભાર, વાઘરી, વાણંદ, હજામ, બજાણિયા, સરાણીઆ, વૈદ્ય, હકીમ, વગેરે નામો જે તે કામને લગતા થયા. સમાજને આ બધી જાતના કારીગરોની એક સરખી જ જરૂરત છે. કોઈ કામ નીચું નથી કે ઊંચું નથી. જે જેની આવડત તે પ્રમાણે તે કામ શીખે. પણ સમય જતાં વર્ણવ્યવસ્થા જ્ઞાતિવ્યવસ્થામાં પરિવર્તન પામી અને આ કળાકારોના કામ તેમની જ્ઞાતિ બની ગઈ. બસ, પછી તો જ્ઞાતિનું બંધન થઈ ગયું અને તેમાં પણ એકબીજાને ઊંચા કે નીચા ગણવા લાગ્યા.

આમાં મોચીનું કામ જોડા બનાવવાનું કે સમારવાનું તેને સૌથી નીચું ગણવામાં આવ્યું. નવાઈની વાત તો એ છે કે આ જમાનામાં નીતનવા જૂતા કે ચપ્પલ પહેરવાની ફેશન છે. એક શોપિંગ સેન્ટરમાં જૂતા વેંચવાની અનેક દુકાનો પણ હશે. જૂતાનું સમારકામ કરવાની પણ ખાસ દુકાન હોય છે. અવનવા જૂતા બનાવવાની મોટી મોટી ફેક્ટરીઓ હોય છે. એના માલિકો માલેતૂજાર હોય છે અને સમાજમાં મોટું માન પામે છે. એક ફેક્ટરીમાં જૂતા બનાવવાનું કામ અનેક માણસો કરતા હોય છે. પણ આમાંનું કોઈ 'મોચી' તરીકે ઓળખાતું નથી. તેમ છતાં હજી પણ રસ્તાને ખૂણે જમીન પર બેસી ચપ્પલ બનાવનાર કે તેનું સમારકામ કરી આપનાર 'મોચી'ને હડધૂત થવું પડે છે, લોકોની ઠોકર ખાવી પડે છે ! આવી છે આપણી વર્ણવ્યવસ્થા જે માણસને માણસ તરીકે પણ નથી પીછાનતી.

વાણંદ કે હજામના ધંધા વિષે વિચારો. કોણે નક્કી કર્યું કે માથું સુંદર દેખાય એ રીતે વાળ કાપવામાં અક્કલ કે આવડતની જરા પણ જરૂર નથી અર્થાત્ એક અક્કલ વગરનો, મૂર્ખ કહી શકાય તેવો માણસ પણ એ કામ કરી શકે ? તેમ છતાં કોઈ મૂર્ખાઈભર્યું વર્તન કરે તો તેને તરત જ 'હજામ જેવો છે' કહી નવાજવામાં આવે છે. પણ આ શિક્ષણના જમાનામાં હવે વાળ કાપવાને એક 'કળા' કહીને તે કામ શીખવવાની શિક્ષણસંસ્થાઓ થઈ છે. એક કે બે વર્ષના અભ્યાસ બાદ 'બ્યુટિશિયન'ની ડીગ્રી આપવામાં આવે છે અને આ સર્ટીફીકેટની શક્તિ લઈને તે ધંધામાં ઝંપલાવે છે. સમાજ તેને માનપાન આપે છે. કામ તો એનું એ જ છે, વાળ કાપવાનું, પણ હવે 'વાણંદની દુકાન' 'બ્યુટીપાર્લર' કહેવાય છે. તેને 'હજામ' કહીને કોઈ ધૂતકારતું નથી. કોઈ મોંઘા રેસ્ટોરન્ટમાં તે તમારી બાજુના જ ટેબલ પર બેસે કે કોઈ સમારંભમાં તમારી બાજુની જ ખુરસી પર બેસેલ હોય તો તમને સુગ નથી ચડતી.

આમ જુઓ તો 'વર્ણવ્યવસ્થા' એક યા બીજા સ્વરૂપમાં, એક યા બીજા નામે ભારતમાં તેમજ બીજા દેશોમાં અસ્તિત્વ ધરાવે છે જ. અને તે જરૂરી પણ છે. અત્યારે શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરીને યુવકયુવતિઓ એન્જિનિયર, ડોક્ટર, કેમિસ્ટ, આર્કિટેક્ટ, બિઝનેસ મેનેજમેન્ટ, કાનૂન, એકાઉન્ટસ, રસોઈશાસ્ત્ર, કમ્પ્યુટર, વગેરે સેંકડો પ્રકારના વ્યવસાય વિષે જ્ઞાન મેળવે છે અને તેમાં નિપુણ બને છે. પણ હવે તેની જ્ઞાતિ નથી ગણાતી પણ તેમના 'એસોશિયેશન્સ' બને છે. એન્જિનિયરનો દીકરો એન્જિનિયર નથી કહેવાતો ! પોતાની આવડત પ્રમાણે તે ડોક્ટર, કેમિસ્ટ, કારકૂન ગમે તે બને અથવા ન આવડત હોય તો કાંઈ પણ ન બને !

હજી પણ ભારતમાં પટેલ, જાની, બદાણી, ઠક્કર, દાવડા, નીમકર, ચેટરજી, વગેરે અટક પરથી માણસની જ્ઞાતિ કે પ્રાન્ત જાણવા પ્રયત્ન કરે છે પણ તેનું મહત્ત્વ નથી રહ્યું. કુંભારે જો પ્લાસ્ટિકના વાસણો બનાવવાની ફેક્ટરી ચાલુ કરી હોય તો એકાઉન્ટન્ટ બનેલો કોઈ બ્રાહ્મણનો દીકરો તેને ત્યાં ચાકરી કરતાં અચકાશે નહિ, બ્રાહ્મણ 'બાટા'ની એજન્સી લઈ જૂતા વેંચવાની દુકાન ખોલે છે, કોળીના રેસ્ટોરન્ટમાં લોકો જમવા જાય છે અથવા વાણિયો ઓફિસોના સફાઈકામનો કોન્ટ્રેક્ટર બને છે.(આ બધું જાણીતા સત્ય દાખલાઓના આધારે અહીં લખવામાં આવ્યું છે.)

વર્ણવ્યવસ્થા, આવડત પ્રમાણે કામની વેંચણી, એ સમાજની જરૂરિયાત છે અને તે તો રહેશે. તે જોવાની દૃષ્ટિ બદલવી પડશે.



## કેર કાંટો વાગ્યો••.

**-પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા**

પાનખર પછી બધું ખરી પડેલું જ દિસે. ઠંડી, હિમવર્ષા અને ભભૂત ચોળેલું વાતાવરણ, દિમાગને પણ કઠે. કુદરતની આ કરામત, બીજું થઈ પણ શું શકે ? જાતજાતના અને ભાતભાતના પ્રયોગો થકી ગરમી જાળવવાની કોશિશ થાય, પરંતુ આ કાજે ખીસું ગરમ હોવું જોઈએ, પૈસા વગર ક્યાં કશું શક્ય જ છે ?

કેટલાયને મેં પ્રશ્ન પૂછ્યા હતા. જલદી વસંત આવે, એવી મોટાભાગનાની ઈચ્છા હતી. ઈચ્છા ઉપર રેશનિંગ નથી, એટલે આ બાબતે આપણે ઉદારમત ધરાવીએ છીયે. હું પણ અપવાદ નથી, મને પણ એજ ઈચ્છા જાગી, ઈશ પાસે મેં માંગ મૂકી.

એક ફૂલ અને એક પતંગિયું, આ જ મારી આશ. કોઈ બહારથી આ લાવીને આપે, પણ નિત તો એવું કરે નહી. માટે, મેં મારી ઈચ્છામાં સહેજ ફેરફાર કર્યો કે ફૂલ અને પતંગિયું મારા ખુદના આંગણની શોભા બઢાવે. આ એવું છે કે થાય તો બધે સાથે, નહી તો ક્યાંય પણ કશું જ નહી ! એકાઉન્ટટ તરીકે મેં એકમાં અનેક વાંચ્છયું. ગણતરી માંડી બારી બહાર જોતો હું બેઠો. દક્ષાનાં પાનાં ફાટતાં રહ્યાં. એને ત્યાં દેર છે, અંધેર નથી, વિશ્વાસ છતાં મારી શ્રદ્ધા ડગમગવા માંડી.

આંગળીના વેઢે પરમાત્મા પણ હિસાબ માંડતો જ હશે. વેઢે અંગૂઠો ફરે અને કશું પણ ના નિપજે, તો માનવું કે અંક અને આંક આવડતા નથી. ઢબુ પૈસાનાં 'ઢ' જેવું આ, પણ 'એણે' તો ઘર બહાર સ્નોનાં ડગલા કરી દીધા ! મેં મને ખુદને સવાલ કર્યો કે એને હું મફતિયો લાગ્યો હઈશ ? આપ્યા વગર માંગવું, એ ખાનદાની તો નહી જ. મને લાગ્યું કે હું જમા અને ઉધાર બરાબર સમજ્યો નથી, છતાં મારો શેઠ વર્ષનાં લાખ ડોલર આપતો હતો. એણે શું મારી સુટ, બૂટ અને ટાઈ જ જોઈ હશે ?

મને થયું કે ભગવાન પાસે મેં કરેલી માંગ મારે પાછી ખેંચી લેવી. એવું પણ બને કે એ બીજે વ્યસ્ત હોય. મેં એમને છૂટા કરી દીધા. આમેય એ ક્યાં બંધાયેલો છે કે મારે એમને છૂટો કરવો પડે ? ભૂલવું તો સહજ છે, હું વિસરી ગયો. શું' ? તે તો મને ખુદને પણ ખબર નથી !

એજ બારી, એજ આંગણ, એ જ આંખો, સાલું બધું ફરવા માંડ્યું. ભભૂતિયું ગયું, શિવ હિમાલયે સંચર્યા, હવામાં તાજગી વર્તાવા લાગી. પહેલી વખત ધ્યાનમાં આવ્યું કે બહાર કોક એક કૂંડુ મૂકી ગયું હતું. કૂંડામાં એક થોરિયો હતો, કાંટાળો અને કદરૂપો !

મગજ ચક્રાવે ચઢ્યું. પહેલાં કંઈ નહી, અને હવે આ ! મેં મૂક્યું નથી, એનો અર્થ કે કોઈ બીજો આ રાખી ગયો, પણ કોણ ? કોણ આ ?

અમારા સંકૂલમાં ૧૪૯ મકાનો છે. આડોશીપાડોશી આમ તો સારા છે, પરંતુ ડમ્પસ્ટર સુધી દૂર જવાના બદલે મારા ઘર આગળ કોઈ 'આ' પધરાવી ગયું. આ કામકાજ ક્યારેય પણ થયું હોય ! રાત્રે મોડુ બધા સૂઈ જાય પછી, ઠંડીમાં કોઈ બહાર ના નીકળે ત્યારે, કે પછી અમારી આંખ તળે, કામ પતાવી લેભાગુ તો વહ્યો ગયો ! આંટો મારવાના બહાને બધા મકાનો પાસે હું ફરી આવ્યો. ક્યાંય બીજો મળે તો મારે ત્યાંનો પણ એનો, મારી જાસૂસી ફળિભૂત ના થઈ.

હવે મારે શું કરવું ? બીજાએ જે કર્યું તે હું કરું કે પછી ડમ્પસ્ટરમાં જઈને કૂડુ હું ફગાવી આવું ? ચોર કે સંત, મન મર્કટ બન્યું. નિર્ણય તો કરવાનો જ હતો. સહી જ કરવું, ભલે પછી એક-બે દિવસ આમ કે તેમ. જતાં કે આવતાં કૂંડા ઉપર મારી નજર પડતી રહી. થોરિયાને હથેળી શા ચપ્પટ પાનાં હતાં, અને એના ઉપર તિક્ષ્ણ લાંબાં કાંટા હતા. પહેલાં કરતાં એ સહેજ લીલો કળાયો. ધાર્યો એવો તે કદરૂપો પણ ન હતો.

અમેરિકામાં તો જાતજાતના થોરિયા થાય છે. દેશનાં જેવા લાંબા મળે અને ટેટી જેવા પણ સાંપડે. ગામનાં ખેતરોમાં થોરિયાની વાડો રહેતી. ઢોર માટે એ વ્યર્જ, કાંટા જો વાગે ! એના ઉપર કોઈ ફળ પણ ના થાય ! જિજ્ઞાસાવશ એક વખત મેં એ કાપેલો, તો સફેદ દૂધ ઝમેલું. નાના ડિગલાં કરી એનો ચટાકો કરેલો, જીભ ફાટેલી અને ખવાય પણ નહી ! દાદાને ખબર પડતાં શિક્ષા પણ ખમેલી.

ના કામનો થોરિયો, મારે શું કરવાનો ? મેં ફેંસલો કર્યો કે એને મારે ફેંકી દેવો. જોયું તો કૂંડાની અસપાસ અઝેલિયાના છોડો ઉપર નવા ફણગા ફૂટ્યા હતા. જમીન બહાર માથાં કાઢેલાં ડેફાડલને પીળી કળીઓ બેઠી હતી. થોરિયામાં મસ્તી આવી હતી. ટોચે કલગી શા તાંતણા કળાયા. ગડમથલ કરતો જોઈ શ્રીમતી ત્યાં આવ્યાં. મેં મારો ઈરાદો બતાવ્યો. 'થોરિયામાં જીવ છે, ભલે રહ્યો', ચૂકાદો મારી વિરૂદ્ધ આવ્યો !

ના ગમતું વારંવાર જોવાનું, આ તે સાલી કેવી માયા-પળોજણ ? કાંટાળા થોરિયે એક નાની લીલીકચ સુંવાળી ઈયર કળાઈ. પ્રતિદિન એ લાંબી થતી રહી. ઊંચા વધેલા ગુલાબની ડાળીએ એક કાબર આવીને બેસતી, અને પેલી ઈયળ સામે તાકી રહેતી.

અચાનક મને મારી માંગ યાદ આવી. માંગ્યું હતું ફૂલ અને પતંગિયું, અને મળ્યાં મને થોર ને ઈયળ ! મારી માંગ પૂરી થઈ ? જરાય નહી ! ભગવાન જ નથી ત્યાં ક્યાં માંગ પૂરી થાય ? બે પગે મારે ખુદે જ ચાલવાનું, મેં કદમ આગળ બઢાવ્યાં.

ધરતીએ ધાની ચૂંદરી પહેરી, વસંત પૂર બહારમાં ખીલી, પૂષ્પોની બહાર સર્વત્ર વ્યાપી, ચારે તરફ ચહકાટ સંભળાયો, અને•..

•••અને મારા થોરિયે ફૂલ બેઠું, સુદર્શન શો એનો આકાર અને અસંખ્ય એમાં રંગો હતાં ! પેલી ઈયળ બની ગઈ હતી પતંગિયું !

પરમાત્મા હમંશા સહી જ કરતો હોય છે. હા, એના તરીકા નિરાળા હોય છે. માંગો કઈક અને મળે બીજું, આપણને આ કદાચ બરાબર ના લાગે, પરંતુ આ પાછળ પણ એનો ચોક્કસ આશય તો હોય છે જ. કીડીને કણ અને હાથીને મણ, મળે જ છે ને ? દાંત આપ્યા છે તો ચવાણું પણ એ દેશે, આટલી શ્રદ્ધા તો એનામાં હોવી જ જોઈએ.

એક સવાલ ખુદને પૂછવા જેવો છે, જે માંગીએ છીએ તેની આપણને જરૂર છે ? ખપ વગરનાંની શું આપણને એષણા નથી ? જ્યાં આપણા હાથ હેઠા પડે છે, ત્યાંથી એના તારણનો આરંભ થાય છે. એ અંતરયામી અને શક્તિમાન છે, એને શરણે જવામાં ન શક હોવો જોઈએ કે શંકા.

ઠંડી, વર્ષા, ગરમી, ફૂલ, પાન, સુરભિ,
નદી, ચાપ, તળેટી, તીર, મેરુ, ધરણી,
ગજ, કાગ, ભમરી, બ્રહ્મ, નાદ, રશ્મિ,
જીવ, ભાન, ભરતી, તુહી જ ધામ મુક્તિ.

આ, અને આવું બધું, તો એ જ કરી શકે, માટે તો એ સર્વોપરી છે. એનું જ ટકે છે, ટકવાનું છે, બાકી બીજું બધું તો ક્ષણભંગુર છે. હું અને આપણે, તો હાંડલાં ટકા ત્રણનાં. આપણાં ટાંકા તૂટવાનાં, આપણાં ફાંફાં પણ ફૂટવાનાં, તોપને માથે તૂંબડાં થોડાં રહેવાનાં ?

અજય અને અમર તો એ, કેવળ એ જ. આ કાંટો ચૂભી જાય, ચઢી જાય, તો અવશ્ય એ કાંડુ પકડી લે અને આપણો બેડો પાર પડી જાય.

આંખ મીચાય પછી રામ નામ શું કામનું ? પઢો રે પોપટ રાજા રામના, રામનામ જ સત્ય છે. જય રામ, જ્ય સીયારામ.. રામને નામે પથ્થર તરતા હોય, તો આપણને એ ભવસાગર પાર નહી કરાવે ?

⌘ ⌘ ⌘ ⌘

## મનની પ્રાર્થના

**-ડો. જીતેન્દ્ર અઢિયા, અમદાવાદ**

જીવનની આ અનંતતા જેમાં હું છું, તે પૂર્ણ, સમગ્ર અને સંપૂર્ણ છે.
મારા જીવનમાં બદલાવ એ કુદરતનો નિયમ છે
હું બદલાવા તૈયાર છું.
હું મારા વિચારોને બદલવા તૈયાર છું.
હું મારા જે શબ્દોને વાપરું છું તેને બદલવા તૈયાર છું.
હું જૂનાથી નવા તરફ સરળતાથી અને આનંદથી ગતિ કરું છું.
મેં વિચારેલ તે કરતાં પણ સરળતાથી હું લોકોને માફ કરી શકું છું.
દરેકને બીનશરતી ક્ષમા આપવાથી હું મુક્તિ અને હળવાશ અનુભવું છું.
મારી જાતને વધુ ને વધુ પ્રેમ કરવાનું શીખવાનો મને આનંદ આવે છે.
હું જેમજેમ વધુ ધૃણામુક્ત બનું છું તેમતેમ વધુ પ્રેમ મારામાં પ્રગટ થાય છે.
મારા વિચારો બદલવાથી મને ખૂબ સારું લાગે છે.
આજનો દિવસ આનંદમય કેમ બને તે શીખવામાં મને આનંદ આવે છે.
('મનની પ્રાર્થના'માંથી સાભાર)

⌘ ⌘ ⌘ ⌘

## એક પત્ર

ગિરીશ ગણાત્રા ('હરિનો હિંડોળો'માંથી)

પૂજ્ય મોટાભાઈ

તમારો ફોન આવ્યો ત્યારે મમ્મીપપ્પા પણ હાજર હતાં. તમે મારી સાથે લંબાણપૂર્વક વાત કરી પછી મમ્મીપપ્પાએ મને સમજાવ્યો. તમે એચવન વિઝા મોકલ્યો છે પણ ત્યાં આવતાં કોણ જાણે પણ મારું મન માનતું નથી. નહીતર અમેરિકા જેવો દેશ છે, તમે છો, ભાભી છે, અને કમાવા માટેની ભરપૂર તક છે. જે વાત મમ્મીપપ્પાની હાજરીમાં હું તમને ન કહી શક્યો એ વાત આ પત્રમાં જણાવું છું. મારો પત્ર વાંચ્યા પછી તમે અને પૂ.ભાભી મારી લાગણીઓ અને ભાવનાઓની ચર્ચા કરી શકો એટલા માટે લંબાણપૂર્વક લખું છું.

તમે, ભાભી અને બાળકો છેલ્લા વીસ વર્ષથી ત્યાં છો. તે દરમિયાન તમે આપણા કુટુંબના દરેક યુવાનોને ત્યાં બોલાવી લીધા છે. કાકાનો દીકરો દીપક, મામાનો દીકરો રમેશ, બહેનની દીકરી પ્રીતિ, ઉપરાંત આપણા બંને ભાઈઓ પણ ખરા. સૌ ત્યાં ભણવા આવ્યા ને વસી ગયા. આપણા કુટુંબમાંથી હું જ માત્ર એક એવો છું કે જે મેડિકલની પરીક્ષાઓને કારણે અહીં રોકાઈ ગયો. હવે તમે મને એચવન વિઝા મોકલ્યો છે. પરંતુ મારું મન ત્યાં આવવા પાછું પડે છે.

ક્યું કારણ મને ત્યાં આવતાં અટકાવે છે ?

અત્યારે હું એક હોસ્પિટલમાં જોડાઈ ગયો છું. ટ્રસ્ટની હોસ્પિટલ હોવાથી બહુ મોટો પગાર નથી. જિંદગીનો રાહ ખરબચડી કેડીથી શરૂ થયો છે. નાનકડો પગાર, કામના વધુ કલાકો, શિફ્ટ ડ્યુટી અને ફરજ પણ ન હોઈએ તો પણ સતત તૈયાર રહેવાનું. હોસ્પિટલમાં ક્યારે કોઈ સિરિયસ કેસ આવી પડે અને ક્યારે હાજર થવાનું કહેવામાં આવી પડે ! મને ખબર છે કે હું જો ત્યાંની કોઈ હોસ્પિટલમાં હોઉં તો મને કેટલો દરમાયો મળે.

મોટાભાઈ, હું એમ.એસ.માં હતો ત્યારે મારા વાઈવા લેનાર ડૉક્ટરે જ મને ઓફર કરી હતી કે મારે લંડન જવું ને ત્યાં એના સંબંધીની હોસ્પિટલમાં ભાગીદાર તરીકે જોડાવું. મને મળનારો પ્રત્યેક માસનો આંકડો તેમણે કહ્યો તે એટલો બધો મોટો હતો કે કોઈ પણ ડૉક્ટર આ ઓફર સ્વીકારવા લલચાઈ જાય. જે જે મિત્રોને મેં વાત કરી એ બધાએ એ જ સલાહ આપી, મારે લંડન જવું જ. ત્યાં રહીને બે વર્ષમાં હું જે કમાઈશ એ અહીં ભારતમાં બાવીશ વર્ષે પણ નહીં મેળવી શકું. આ લલચામણી ઓફરનો અસ્વીકાર કરતાં મને પૂરા દશ દિવસ લાગ્યા. મારું ધ્યાન એ આંકડામાંથી પાછું વાળતાં મને કેટલી મૂશ્કેલી પડી હશે એ તમે કલ્પી લેજો.

તમે દલીલ કરશો કે ત્યાં, એટલે કે અહીં ભારતમાં, શું દાટ્યું છે ? તે ખોટો સબડી રહ્યો છું. અહીં કામ છે, નામ છે, દામ છે, તમે જે દોમદોમ સાહ્યબીમાં મહાલશો એ ક્યાંય નહીં મળે. અમેરિકા ધનવાનોનું સ્વર્ગ છે. પૈસા કમાઓ, વાપરો અને આનંદ કરો.

મને ખબર નથી કે શું કામ હું અહીં રહેવાનું પસંદ કરું છું ? આ ધરતી પર મારો જન્મ થયો છે કદાચ એ કારણ હશે ? કે પછી અહીં આપણા પૂર્વજોનાં સંસ્મરણો ડગલે ને પગલે વેરાયેલાં છે એ તત્ત્વ હશે ? મને ખબર નથી. હું અહીં જન્મ્યો છું. આ ધૂળમાં મારી નાની નાની ડગલીઓ પડી છે, મોટો થયો છું, ભણ્યો છું, અહીંના સંસ્કારો ઝીલ્યાં છે અને આ સમાજની વચ્ચે મેં શ્વાસ લીધા છે એ બધું મારા નિર્ણયને પુરસ્કૃત કરે છે ?

હા, આ ધરતી જ મને રોકી પાડે છે એમ કહું તો ખોટું નથી. જો કે હું જન્મભૂમીને ભૂમિ નથી કહેતો. એ એક આબોહવા છે. આ આબોહવા ગરમ છે, ઠંડી છે, ભેજવાળી છે - જેવી છે તેવી છે, પણ મેં તેને વર્ષોથી શ્વસી છે. અન્ય દેશોમાં નથી એટલા બધા ધર્મો અહીં છે, એના અનુયાયીઓ છે, દરેકને પોતપોતાના ઈશ્વર છે અને સૌ પોતાના ઈશ્વરને મહાન ગણે છે. આમ તો આ દેશ એક ગણાય પણ એના ઘણાં ઘણાં પ્રાંતો છે. પ્રાંતે પ્રાંતે અલગ બોલી છે, સંસ્કાર છે, રિતરિવાજો છે, છતાં ય વિવિધતામાં એ એક છે. આ વિવિધતા મારું મન છે, મારી ભાવનાઓ છે, મને એનું સૌંદર્ય ગમે છે.

અહીં હાડમારી છે, ગરીબી છે, લાગવગ છે, ભ્રષ્ટાચાર છે, ઝઘડા છે, તોફાન છે, બધું છે. વિશ્વના અન્ય દેશોમાં પણ એવું છે જ. અને છતાં ય આ બધાની વચ્ચે લોકો લાગણીઓથી ધબકે છે. મોટાભાઈ, મારો એક મિત્ર, નામે રવીન્દ્ર મારી સાથે કોલેજમાં ભણતો. એ મહારાષ્ટ્રિયન મિત્ર બહુ જ નીચલા ગરીબ કુટુંબમાં જન્મ્યો. એ જન્મ્યો પછી સાત આઠ વર્ષ સુધી એનો ઉછેર ચાલીની જુદી જુદી ખોલીઓમાં જ થયો. માતાપિતા ઝઘડે ત્યારે પાડોશીઓ એને પોતાને ઘેર લઈ જાય, જમાડે અને ત્યાં જ સુવડાવી દે. એની ચાલીના પીસ્તાલીશ રહેવાસીઓએ એને ઊંચક્યો છે, બચી કરી છે, રમાડ્યો છે, જમાડ્યો છે. એના પિતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નીચલા દરજ્જાની નોકરી કરતા. કોઈ કારણસર એને નોકરીમાંથી સસ્પેન્ડ કરાયા ત્યારે સસ્પેન્શનનો અડધો પગાર જ ઘરમાં આવતો. સાત વ્યક્તિઓના બનેલા રવીન્દ્રના કુટુંબનો ગુજારો આ પગારમાં થવો અશક્ય હતો. વૃદ્ધ દાદાદાદી, કૃશ મા, બેકાર પિતા અને ત્રણ નાના ભાઈભાંડુઓ. કારમી ગરીબીમાં ને આવી પરિસ્થિતિમાં જીવતા કુટુંબના મોભીને આપઘાત કરવાના વિચારો આવી જાય એ સ્વાભાવિક છે. પણ એવું કશું થયું નહીં. દોઢ વર્ષે એના પિતાને પાછા નોકરીમાં લેવાયા ત્યાં સુધી ચાલીના આ બધા કુટુંબોએ એના કુટુંબને જાળવી લીધું. તહેવારોએ બાજુનાં ઘરોમાંથી મીઠાઈઓ આવતી. દીવાળીને દિવસે ચાલીના છોકરા એને ફટાકડા ફોડવા લઈ જતા. એ દિવસોમાં રવીન્દ્રના ચડીપહેરણ પણ કોઈ સીવડાવી આપતું. આ બધા કોણ હતા ? નહોતાં કોઈ સગાંસંબંધી કે નહોતાં એક જાતિના કે જ્ઞાતિના ! માત્ર એક જ ચાલીના રહેવાસીઓ હતા ! આપણી આજુબાજુના ઘરોમાંથી આપણે ત્યાં થતો વાડકી વ્યવહાર આપણને ક્યાં એકબીજા જોડે બાંધી નથી રાખતો ? આપણે આપણા પાડોશીઓ જોડે ઘણી વખત લડ્યા હોઈશું અને પછી એને ત્યાં જ નાસ્તો કરવા નહોતા જતા ? તમને તો ખબર પણ નહીં હોય પણ આપણા ઘરની પાછળ નાનકડી ઓરડીમાં એકલવાયી જીવી ડોશી રહેતાં. સંસારમાં એ એકલા જ હતા. એ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે એમની અંતિમયાત્રા આજુબાજુના સૌએ કરી હતી અને એમનું ઘર ખોલી બેસણું પણ રાખ્યું હતું.

હું આ આબોહવામાં ઉછર્યો છું અને મોટો થયો છું. એને ત્યજીને મારા મનરૂપી પાટી પર નવા સંસ્કારો અંકિત કરવા ત્યાં શા માટે આવું ? માત્ર બે પૈસા રળવા જ ? ધન એકઠું કરવા ? તમે પણ ત્યાં કમાવા જ ગયા હતા, પણ પછી રહી પડ્યા. મારા ભાભી તો ઘણી વખત કહેતાં કે પાછા આવવું છે, પણ છોકરાંઓને કારણે હવે પાછાં અવાતું નથી. એ ત્યાં જન્મ્યા, ત્યાંના વાતાવરણને પોતાનું કરી લીધું, ગ્રીનકાર્ડ મેળવ્યું અને હવે એ દેશના થઈ ગયા. આ ધરતીનાં મૂળ હવે ત્યાંની આબોહવામાં જીવે છે. ઈન્ડિયન રૂટસ, અમેરિકન સ્પ્રેડ !

મોટાભાઈ, હું ગ્રીનકાર્ડવાળો ડૉક્ટર નહીં, રેશનકાર્ડવાળો ડૉક્ટર બની અહીં રહેવા માગું છું. મારો વિચાર આપણા વતનમાં હોસ્પિટલ ખોલવાનો છે. ગ્રામપ્રદેશમાંથી મને મોટી આવક નહીં થાય એની મને ખબર છે. પણ જે ગામડામાં પળી તેલનો વેપાર આપણાં વડવાઓએ કરેલો એ પ્રદેશના લોકોની વચ્ચે રહીને એને મારી તબીબી વિદ્યાનો લાભ આપીને એમનો પ્રેમ સંપાદન કરીશ તો એ મારી જિંદગીની મોટામાં મોટી કમાણી ગણાશે. જીવનની મકસદ આપણા પોતાના સુખ માટે જ ? અન્ય માટે નહીં ? જે સમાજે આપણને ઉછેર્યા, મોટા કર્યા, વાડ બની આપણો વેલો ચડાવ્યો એને માટે કશું ય નહીં કરું તો હું એનો અઋણી ગણાઈશ.

મારા નિર્ણયથી તમને દુઃખ થશે એ હું જાણું છું. પરંતુ ખૂબ ખૂબ વિચાર કરી મારી લાગણીઓને સમજવા પ્રયત્ન કરશો તો તમે મારા વિચારમાં રહેલા એક બીજને તો જરૂર પકડી શકશો. જેમણે મને એચવન વિઝા મોકલ્યો છે એમનો મારા તરફથી આભાર માનશો. હજુ આ વાત મેં મમ્મીપપ્પાને કરી નથી, પરંતુ તમને આ પત્ર પોસ્ટ કરી કાલે એમને મારો નિર્ણય જણાવી દઈશ.

મોટાભાઈ, એક વિનંતી કરું ?

હું જ્યારે આપણા વતનમાં, આપણા જૂના બંધ ઘરમાં, હોસિપટલ કરું ત્યારે એકબે મશીનો વસાવવા મને મદદ કરશો ?


મારા પૂજ્ય ભાભીને મારા પ્રણામ. બાળકોને કાકાના વહાલ. મારી જિંદગીના નવપ્રસ્થાન માટે તમારા બંનેના આશિષ માંગતો

- તમારો નાનો ભાઈ.

### અગત્યનું

• કેટલી કથાઓ સાંભળી તેના કરતાં કેટલું જીવનમાં ઉતાર્યું તે વધારે અગત્યનું છે.
• કેટલું જમ્યા તેના કરતાં કેટલું પચાવ્યું તે વધારે અગત્યનું છે.
• કેટલું કમાયા તેના કરતાં કેટલું બચાવ્યું તે વધારે અગત્યનું છે.
• કેટલું બચાવ્યું તેના કરતાં કેટલું બીજાના કલ્યાણાર્થે વાપર્યું તે વધારે અગત્યનું છે.
• કેટલું જીવ્યા તેના કરતાં કેવું જીવ્યા તે વધારે અગત્યનું છે.
• કેટલું વાંચ્યું તેના કરતાં તેમાંથી શું શીખ્યા તે વધારે અગત્યનું છે.

## સાભાર સ્વીકાર
## દિલ એક દર્દ હજાર



**શાયરઃ વિનય કવિ 'બદનામ', યુકે**
**અવલોકનઃ આદમ ટંકારવી પ્રકાશકઃસુમન પ્રકાશન, અમદાવાદ**

આ સંચયમાં ૧૬૮ કૃતિઓ છે. એમનું વિષયવૈવિધ્ય અને કવિચેતનાની 'રેન્જ' આપણું ધ્યાન ખેંચે છે.

કવિ પોતાના દિલનું દર્દ ગાય છે. એમના દિલમાં દર્દ કાયમી ઘર કરી ગયું છે. દર્દનું સ્વાગત કરતા હોય તેમ વિનયભાઈ લલકારે છે, 'નથી એનું કો સરનામું મારા ઘર વિના'.

પરંતુ આ દર્દ એમના પૂરતું સિમિત નથી રહેતું. એક વ્યક્તિનું દર્દ સમષ્ટિનું દર્દ બને છે. પોતાના ભાવને શબ્દના માધ્યમથી અન્યોમાં સંક્રાંત કરવો એજ છે કવિતાનું પ્રયોજન.

વિનય કવિની ગઝલવિભાવના 'પ્રિયતમા સાથે ગોષ્ટિ' સુધી મર્યાદિત નથી. અહીં પ્રેમ ઉપરાંત સમાજ, પ્રવર્તમાન પરિસ્થિતિ, આધુનિક માનવની નિર્ભ્રાંતિ વિષયક રચનાઓ પણ છે.

સમાજમાં વ્યાપક ભ્રષ્ટાચારની, દંભી નેતાઓની, દેશની કફોડી હાલતની વાત 'ઉજડી ગયેલા ચમન'ના કલ્પનાથી કહેવાઈ છે. 'શહેર ક્યાંક સળગે છે'માં કોમી વૈમનસ્યનો વરવો ચિતાર તાદશ થાય છે. રાજકારણી 'નિત મ્હોરાં' બદલે છે તેને કવિ કેટલાક શેરોમાં બેનકાબ કરી દે છે.

વિનય કવિ બ્રિટનમાં વસે છે એટલે સ્વાભાવિકપણે બ્રિટનના સમાજની જીવનશૈલી, મનોવ્યથા, વિમાસણ, એમની રચનાઓમાં પ્રતિબિંબિત થાય છે. આ હળવી શૈલીમાં હાસ્યના પુટ સાથે થાય છે, પણ એનો અંડરકરન્ટ છે વેદનાનો. સ્વચ્છંદી સંતાનોની અમર્યાદ જીવનશૈલી માબાપ માટે માથા દુખણું બને છે તેનો સંકેત કરતાં કવિ કહે છેઃ

પેરન્ટસ હાથ દઈ લમણે રોતાં રહે ભલે,
પબ ને ડિસ્કોમાં સન ને ડોટર સુખીસુખી'

અને બ્રિટનની વહુને સાસુસસરા ભારરૂપ લાગે છેઃ

હોય ફ્લેટ કે બંગલો, લગીરે નથી પરવા,
માત્ર એ ઘર સાસુસસરા વગર જોઈએ.

વિનય કવિની ગઝલોમાં અભિવ્યક્તિ સરળ, વાતચીતના વહેણમાં થાય છે. અલંકારિક અને પાંડિત્યભર્યા શબ્દો વિના માર્માકૃતિ સધાય છેઃ

દોરડાં પાણીનાં વણી તો બતાવો
હાથમાં હવાને પૂરી તો બતાવો

'સ્વાર્થ વિનાનું સગપણ ક્યાં છે ?' એવી સ્વભાવોક્તિનાં અનેક ઉદાહરણો એમની ગઝલોમાં મળે છે. 'દાઝ્યા પર ડામ', 'ઘા પર મીઠું', 'જાગ્યા ત્યારથી સવાર' જેવા રૂઢિપ્રયોગોના વિનિયોગથી નિરૂપણ શૈલી સહજ લાગે છે.

'બદનામ'ને પોતાની સર્જકપ્રતિભામાં વિશ્વાસ છે. એમનો શબ્દ 'છાબડે ઢંકાશે નહીં' એવી પતીજ છે. એ 'થોડુ નવું, થોડુ પુરાણું' લઈ ગઝલનું ગાડુ હાંકે રાખતા નથી. કાફિયાના 'ચ્યુંબર' કે રદ્દિફયાનાં 'રીંગણાં'નું તૈયાર ભાણું પીરસતા નથી. એમની ગઝલો પાછળ પ્રલંબ સાધના રહી છે. એ ભાવકને કહે છેઃ

આવ્યો છે 'બદનામ' કેટલી લાંબી મજલ કાપી,
રે ખોલો કમાડ ઉરનાં જરી, ગુડબાય ના કહો.

'બદનામ' આપણા ઉરદ્વારે 'દિલ એક દર્દ હજાર'નો ટકોરો મારે છે ત્યારે આપણો પ્રતિભાવ છેઃ

'વેલકમ, આવો, દિલથી આવો !'

## શ્રવણને પણ એક ભાઈ હોત તો ? વિનય કવિ, યુકે

પ્લેટફોર્મ નંબર બે પરની ટ્રેન ઉપડવાને હજી દસ મિનિટની વાર હતી. સુમનરાય અને કમળાબેનની સીટો તો એકબીજીને અડીને હતી છતાં બંનેને લાગતું હતું કે એમની વચ્ચે જોજનોનું અંતર ફેલાયું છે. ડબ્બામાં દાખલ થયે પાંચ મિનિટ વહી ગઈ હતી તોય એક શબ્દની આપલે થઈશકી ન હતી. કહેવાનું તો ઘણું હતું પણ બધું ક્યાં જીભ પર આવે છે ?

આખરે કમળાબેને પહેલ કરી, 'મોટાનો ય વાંક કેમ કઢાય ? આટલાં વર્ષ ભેળાં રાખ્યાં, હવે છોકરાં મોટા થયા છે.' સુમનરાય કંઈ કહેવા જતા હતા કિંતુ ચૂપ જ રહ્યા. થોડીવારે વાતને બીજે પાટે ચઢાવતાં બોલ્યા, 'આ ગાડી ઠેઠ ગ્લાસ્ગો સુધી જાય છે. એટલે તારે ક્યાંય બદલવી નહિ પડે. ત્યાં સ્ટેશન પર રસિક લેવા આવશે ને ઘેર તો પછી એની કારમાં જવાનું છે.'

'બહુ લાંબી વાટ છે, નહીં ? મોટી કહેતી'તી કે આઠ-દસ કલાક લાગશે. વાંધો નહીં. ભાગવત સાથે લાવી છું તે વાંચ્યા કરીશ.'

'કેટલું વાંચીશ ? આંખ મળી જાય તો થોડુ ઊંઘી લેજે. અહિયા રેલ્વેમાં કશો ભય ન હોય.' પાછા બંને મૂંગા થઈ ગયા. જો કે પરસ્પરના મનમાં શું ચાલતું હતું તેની બેઉને પૂરેપૂરી જાણ હતી.

મોટો દીકરો પારસ ઘણા વખતથી મૂંઝાતો હતો. આખરે એક દિવસ સાંજે માબાપ આગળ તેણે વાત છેડી હતી., 'બાપુજી, જગ્યાની તાણ પડે છે. નીરજ ને રેખા ઉંમરમાં આવ્યાં છે. એમને માટે અલગ અલગ રૂમ જોઈએ.' સુમનરાયે હકાર ભણ્યો હતો, 'એમ કરીએ, અમે બંને થોડા મહિના નાના પાસે રહેવા જઈએ.'

કમળાબેને જોયું કે એકબે મહિનાથી મોટી વહુ તોબરો ચઢાવીને ફરતી હતી. એટલે નાના દીકરા રસિકને ત્યાં રહેવા જવા તૈયાર થયાં હતાં. સ્કોટલેન્ડમાં ઠંડી વધારે હોય છે, પણ એને તો પહોંચી વળાશે. તેમ છતાં પારસે જે ખુલાસો કર્યો તે પરથી તો સાફ સમજાયું કે સ્કોટલેન્ડના દરવાજા પણ બંધ છે !

'ત્યાં પણ આ જ સવાલ છે. રસિક સાથે ચર્ચા કરી હતી. એણે રાખી અને રાજનો પ્રશ્ન ઊઠાવ્યો. અહીં મકાન એટલા નાના હોય છે કે બધાનો સમાસ ન થાય.'

સુમનરાયે કાઉન્સિલનો ફ્લેટ કે મકાન મળે તે માટે અરજી કરવાનું સૂચવ્યું હતું. પરંતુ પારસને એ સૂચન સ્વીકાર્ય ન હતું. કેમકે માતાપિતા એક જ શહેરમાં છતાં અલગ રહે છે એ વાતની સગાંસ્નેહીઓને ખબર પડે તો તેમાં પોતાનું નીચાજોણું દેખાતું હતું. છેવટે અઠવાડિયાની માથાકૂટ બાદ બંને ભાઈઓએ આ તોડ કાઢ્યો હતો કે બાપ મોટાની સાથે લંડનમાં રહે અને મા નાના દીકરા ભેળી ગ્લાસ્ગોમાં. આ વ્યવસ્થામાં બે ભાઈઓને કશું અનુચિત નહોતું જણાયું.

વ્હીસલનો અવાજ સાંભળી સુમનરાય વિચારતંદ્રામાંથી જાગ્યા. ડબ્બામાંથી બહાર નીકળતાં બોલ્યાં, 'લે, હવે હું જાઉં. શરીર સંભાળજે ને ત્યાં બધાને મારા આશિષ કહેજે.'

'તમે પણ બહાર નીકળો ત્યારે ગળે મફલર વીંટાળવાનું ના ભૂલતા. અને મારી ફીકર ના કરશો. હું ફોન નહીં કરું, તમે કરતા રહેજો. સાંજે કે પછી શનીરવિએ કરજો એટલે બીલ ઓછું આવે.'

સુમનરાય ડબ્બાની બહાર આવ્યા ને પત્ની હતાં તે બારી પાસે ઊભા રહ્યા. બારી ઉઘાડી શકાય તેવી નહતી, એટલે બોલ્યું તો ના સંભળાય, માત્ર બારીના કાચની આરપાર એકમેકને જોઈ રહ્યાં. શું હતું એ આંખોમાં ? આંસુ નહતાં. કારણકે આંસુનાં દરિયા તો એકાંતમાં બેઉ આ અગાઉ ખાલી કરી ચૂક્યાં હતાં. ગાડી ઊપડી. કમળાબેને હાથ ઊંચો કરી 'આવજો' કર્યું. સુમનરાય એ હાથને, એ મુખને જોઈ શકાય ત્યાં સુધી જોતા રહ્યા. બંનેમાંથી કોઈએ ઉરમાં ઘોળાતી, કાળજાના કટકા કરતી વાતને વાચા નહોતી આપી.

સત્તર-અઢાર વર્ષની વયે પરણ્યા અને હાલ સાઠીમાં આવ્યાં એ બધા વરસો દરમિયાન કદી જુદા નથી થયા. દેશમાં એક ઓરડીમાં સંસાર માંડ્યો હતો. આફ્રિકામાં ભાડાના બે રૂમવાળા મકાનમાં બાળકોને જન્મ આપ્યો હતો. ઉછેર્યાં હતાં, ભણાવ્યાં હતાં, પરણાવ્યાં હતાં. રહેવા માટે જગ્યા ઓછી હતી. પૈસાની સતત અછત વર્તાતી હતી. પરંતુ એ કપરા દહાડામાં એક સુખ હતું. બેઉ ભેળાં હતાં ! આજ લીલી વાડી છે, ત્યારે ભાગ્યમાં આવ્યું છે છૂટા પડવાનું. હંમેશા એકમેકની પડખે રહેલા બે માનવી વિખૂટાં પડ્યાં છે અને તે પણ ઘરડેઘડપણ કે જ્યારે પરસ્પરના સથવારાની જરૂરત વિશેષ હોય છે. જીરવી શકાશે આ જુદાઈ ? સહી શકશે ભરી ભીડ વચ્ચે અંતરની એકલતા ?

ઉન્નતિના શિખર પર પહોંચ્યા પછી ત્યાંથી આગળ જવાનો એક જ માર્ગ હોય છે - પડતીનો.

## આપણાં શાકભાજી
## દૂધી

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે. 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

હું કોલેજની હોસ્ટેલમાં રહેતો હતો. હોસ્ટેલમાં એક 'મેસ' હતી એટલે કે જમવા માટેનું રસોડું. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની એક સમિતિ ચૂંટવામાં આવતી. આ સમિતિએ રસોડાની બધી વ્યવસ્થા સંભાળવાની રહેતી. રાંધવાવાળો મહારાજ, તેનો મદદનીશ, પીરસવાવાળો, કામવાળી, વગેરે તેમણે શોધી લાવવાના રહેતા. સીધુંસામગ્રી, શાકભાજી, વગેરે પણ તેમણે જ ખરીદવાના. આ વોલન્ટરી સર્વિસ હતી, એ માટે તેમને કાંઈ વેતન મળે નહિ કે રસોડામાં જમવાનું પણ મફત તો નહિ જ. મહિનાને અંતે જે ખર્ચ થયો હોય તે જમનારા બધા વિદ્યાર્થીઓએ ભાગે પડતો આપવાનો. અલબત્ત, ખર્ચ પેટે શરૂઆતમાં મહિનાના એડવાન્સ તો આપવાના હોય જ. પણ તેનો હિસાબ વેકેશન પડે અને 'મેસ' બંધ થાય ત્યારે કરવામાં આવે.

જમવામાં દરરોજ બટેટાનું શાક જ બનાવાય. અમે એકવાર મહારાજને બીજું કોઈ શાક બનાવવા કહ્યું તો કહે, 'એમ ન થાય, કારણકે કોઈને રીંગણા ન ભાવે, કોઈને તૂરિયા ન ભાવે, કોઈને કારેલા ન ભાવે, પણ બટેટા બધાને ભાવે.' એકવાર એક વિદ્યાર્થીને દૂધીનું શાક ખાતાં જોયો. મેં પણ એ શાક માગ્યું, તો જવાબ મળ્યો, 'તમને ન મળે. ફક્ત જૈન માટે આ શાક બનાવ્યું છે.' મેં સેક્રેટરીને વાત કરી તો એણે રસ્તો બતાવ્યો, 'તું થોડા દિવસ માટે જૈન બની જા તો તને બટેટાને બદલે દૂધીનું શાક મળે'. મેં તેમ કર્યું. હવે દૂધીનું શાક મને આપવામાં આવતું. પણ એના વઘારમાં આદુ-લસણ ન હોય એટલે બહુ ભાવ્યું નહિ. મને લસણની ચટણી અને ડુંગળી આપવાની પણ ના પાડી. ગાજરનો સંભારો કે મૂળાનું ખારિયું પણ મને ન અપાય. દર રવિવારે 'ફીસ્ટ' હોય તેમાં ફરસાણમાં બટેટાવડા બને જે મને બહુ ભાવે. પણ તેને બદલે મને કાચા કેળાના વડા આપવામાં આવ્યા. દૂધપાક સાથે દૂધીનું શાક ગળે કેમ ઉતરે ? થોડાજ દિવસોમાં હું જૈન મટી સાધારણ બની ગયો !

અમે ઘેર દૂધીબટેટાનું કે દૂધીચણાની દાળનું શાક ખાઈએ પણ એકલી દૂધીનું શાક કોઈને ન ભાવે ! આમ પણ દૂધી મધ્યમકક્ષાનું શાક ગણાય છે. તેમાં પાણી ઘણું અને તત્ત્વો બહુ ઓછા છે. હા, ઘરમાં કોઈ માંદુ હોય કે કોઈને બહુ કબજિયાત થયેલ હોય તો તેને માટે દૂધીનું શાક બનાવાય. દૂધીમાં મીઠાશ ઘણી એટલે તેનો હલવો બનાવવામાં આવે અને તેનાં મૂઠિયાં પણ પોચાં ને સ્વાદિષ્ટ થાય. પણ હલવો બનાવતી વખતે તેને ખમણી ને પછી નીચોવીને તેનું પાણી કાઢી નાખવામાં આવે છે. આમ કરવાથી જે થોડાઘણાં તત્ત્વો તેમાં છે તે પણ તેના પાણી સાથે નીકળી જાય અને એમ માનો કે ફક્ત કૂચાનો હલવો બનાવાય.

શાક તરીકે તે મધુર, પૌષ્ટિક, રુચિકર, પિત્તશામક ને શક્તિવર્ધક છે. પચવામાં ભારે પણ રેચક છે. એટલે કબજિયાત થઈ હોય કે કોઈ માંદા માણસ કે સગર્ભા જેને લાંબો સમય સૂતા રહેવું પડતું હોય તેને દૂધી ખાવાથી ફાયદો થાય. કૂણી દૂધી સેલાડ તરીકે કાચી પણ ખાઈ શકાય છે.

દૂધી બહુ જૂનું શાક છે. તેના દશ હજાર વર્ષો પહેલાંના અવશેષો મળી આવેલ છે. તેનું મૂળ આફ્રિકામાં હોય તેમ મનાય છે. એ લાંબો સમય પાણીમાં રહીને પણ બગડતી નથી એટલે પછી દરિયામાં તરતી તરતી તે અમેરિકા અને એશિયામાં ફેલાઈ ગઈ. અત્યારે તો તે ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, ઈન્ડોનેસિયા, થાઈલેન્ડ, ચીન, ઈજિપ્ત, મેક્સિકો વગેરે ઘણા દેશોમાં ઊગાડવામાં આવે છે. દરેક દેશમાં તેને ખાવાની જુદી જુદી રીત છે. તેમાં પાણી અને ખાંડનું પ્રમાણ હોવાથી તેનો સુપમાં પણ ઉપયોગ થાય છે.

અમે ૧૯૭૦માં ઓસ્ટ્રેલિયા આવ્યા ત્યારે તે ન મળતી પણ હવે મળે છે. આપણે ગુજરાતમાં ફક્ત લાંબી પાતળી દૂધીનો જ ખાવામાં ઉપયોગ કરીએ છીએ. આવી દૂધી છ ઈંચથી ત્રણચાર ફૂટ લાંબી ઊગી શકે છે. પણ દૂધીના અનેક પ્રકાર છે. તે લાંબી, જાડી, ચપટી, તુંબડી એમ અનેક આકારની થાય છે. બધા પ્રકારની દૂધીના સ્વાદ અને તત્ત્વો એક સરખા હોય છે. ચીનમાં એક-દોઢ ફૂટ લાંબી ને ખૂબ જાડી દૂધી થાય છે. બીજા એક પ્રકારમાં તે બલૂન આકારની પણ થાય છે. તે પાકે ત્યારે તેની છાલ ખૂબ જાડી ને કઠણ બને છે. તેને કોતરીને તેમાંથી વાટકો બનાવવામાં આવે છે ને તંબૂર જેવું વાજિંત્ર પણ બનાવાય છે. સાપને પાળનારા વાદીઓ જે 'બીન' વગાડે છે તે પણ આવી જ એક પ્રકારની દૂધીમાંથી બનાવવામાં આવે છે.

દૂધીનું એકપણ તત્ત્વ ગુમાવ્યા વગર તેને ખાવી હોય તો કૂણી દૂધીને સેલાડ તરીકે ખાવી જોઈએ. પણ એવી દૂધી બજારમાં ભાગ્યે જ મળે છે. દૂધીની છાલ કઠણ થયા પછી તે પચવામાં ભારે છે. તેવી દૂધીની છાલ ઉતારી, દૂધીને વરાળે બાફીને તેનું શાક બનાવાય અથવા તેમાં થોડો લોટ ભેળવી તેના મુઠીઆ વરાળે બાફવા જોઈએ. તળીને તેના ભજીઆ બનાવવાથી તેના બધા જ તત્ત્વો નાશ પામે છે, ફક્ત સ્વાદ જ રહે છે.

⌘ ⌘ ⌘

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં દુધી વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

સેક્સ અને સ્વાદનો સંતોષ એ માણસના સુખી જીવનના બે અગત્યના વિભાગો છે.



**मेघदूतम्** (संपादकः डो.गौतम पटेल)

यत्रोन्मत्तभ्रमरमुखराः पादपा नित्यपुष्पा
हंसश्रेणीरचितरशना नित्यपद्मा नलन्यः ।
केकोत्कण्ठा भवनशिखिनो नित्यभासवत्कालापा
नित्यज्योत्स्नाः प्रतिहततमोवृत्तिरम्याः प्रदोषाः ॥६९॥
आनंदोत्थं नयनसलिलं यत्र नान्यैर्निमित्ते
र्नान्यिरसतापः कुसुमसरजादिष्ट संयोगसाध्यात् ।
नाप्यनसमात्प्रणयकलहाद्विप्रयोगोपपत्ति
वित्तेशानां न च खलु वयो यौवनादन्यदस्ति ॥७०॥

**મેઘદૂત** (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

નિત્યે વૃક્ષો કુસુમ ધરતાં, ગુંજતા મત્ત ભૃંગો,
નિત્યે પદ્મે સ્ફુટ કમલિની, મેખલા હંસરૂપી,
નિત્યે કેકરાત ચમકતાં પિચ્છધારી મયૂરો,
નિત્યે રાત્રિ તમરહિત છે શોભતી ચંદ્રિકાથી. (૬૯)
આનંદે જ્યાં સ્મરશર વિના ઈષ્ટ સંગે જતો જે
ન કો તાપસ્મરશર વિના ઈષ્ટ સંગે જતો જે,
બીજેથી ના, પ્રયકલહે માત્ર થાયે વિયોગ,
વિત્તેશોને અપર વય ના, માત્ર હોયે યુવાની.(૭૦)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

**Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)**

Here the trees bear flowers in all seasons resonant with the humming of the bees, the lotus bed surrounded by a girdle of swans are always blooming with lotuses; the domestic peacocks with their bright plumage and and upraised necks utter melodious cries and he nights are always full of moon-light rendered beautiful by the dispelled darkness (69)

Where save tears of joy from the eyes of the Yaksha no other tears swell forth, where there is no mental pain save that arising from Cupid's arrows which can be calmed down by a union with the beloved; where the only seperation is that which results from love quarrels and where for the Lords of wealth there is no age save youth.(70)

(To be continued: Two verses will be published in every issue.)